રજુ તારીખ : ૨૩/૧૦/૨૦૧૨

દાખલ તારીખ :૨૩/૧૦/૨૦૧૨

ફેંસલ તારીખ : ૧૦/૦૮/૨૦૧૮

અવધિ : વર્ષ – માસ – દિવસ

૫ ૯ ૧૭

**મહે.ઉનાનાં એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. ઉના.**

**<u>સ્પે.દિ.મુ.નં.૨૫૬/૨૦૧૨</u>**
**આંક : – ૮૭.**

**વાદી : વિજયભાઈ બાલુભાઈ પરમાર**
**ઉ.વ.આ.૩૫, ધંધો–કાંઈ નહી,**
**રહે.જાહેર બગીચાની પાછળ, ઉના.**

**<u>વિરુધ્ધ</u>**

**પ્રતિવાદી : કે.જે.વાળા**
**ઉ.વ.આ.૫૦, ધંધો–નોકરી,**
**ઠે.અંધ–અપંગ સહકાર કેન્દ્રના**
**સેક્રેટરી તથા ટ્રસ્ટી, ઉના.**

---

**વાદી તરફે વિ.વ.શ્રી – એમ.એ.નકવી**
**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી – જે.એન.ભટ્ટ**

---

**દાવો : કુલ નુકશાન વળતરની રકમ રૂા.૧૨,૩૫,૮૫૭/– પુરા મળવા અંગે....**

**<u>: : જજમેન્ટ : :</u>**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી તાલુકા ઉના શહેરમાં

આવેલ જાહેર બગીચાની પાછળ હરીહર આઈસ ફેકટરીની બાજુમાં તેઓના કુટુંબ સાથે રહે છે અને તેઓ આશરે ૧૫ વર્ષથી લુહારી કામ કરતા હતા, જેમાં રોલીંગ શટર, લોખંડની જાળી, લોખંડના દરવાજા, વેલ્ડીંગ વિગેરેનુ મજુરી કામ કરતા હતા અને તેમાં માસિક રૂા.૧ ૨,૦૦૦/– કમાતા હતા અને તે રીતે તેઓ લુહારીનુ કામ કરીને તેમનુ તથા તેમના કુટુંબના સભ્યોનું ગુજરાન ચલાવતા હતા અને તેઓના કુટુંબના સભ્યોમાં તેઓના માતૃશ્રી, તેઓના પિતાશ્રી, તેઓની પત્ની તથા બે નાની ઉમરના પુત્રો છે. આ કામના પ્રતિવાદી ઉના શહેરમાં આવેલ અંધ–અપંગ સહકાર કેન્દ્ર ઉનાના સેક્રેટરી તેમજ ટ્રસ્ટી છે અને તેઓ આ અંધ–અપંગ શાળાનુ મેનેજમેન્ટ માટેનુ તમામ કામ સંભાળે છે. વાદીને આ કામના પ્રતિવાદીએ તેમના અંધ–અપંગ કેન્દ્રમાં જે પાણી ગરમ કરવા માટેનુ બોઈલર આવેલુ છે તેને રીપેર કરવા માટે થઈને વાદીને તા.૨૦/૧૨/૨૦૧૧ ના રોજ તેમની સંસ્થાના કેન્દ્ર ઉપર બોલાવેલા અને આ રીપેરીંગ કરવા માટે થઈને વાદીને આ કામના પ્રતિવાદીએ તેઓને મજુરીની રકમ રૂા.૬૦૦/– આપવાનુ નકકી થયેલુ અને તે તારીખે વાદી આ કામના પ્રતિવાદી સંસ્થાના સ્કુલ ઉપર બોઈલર રીપેર કરવા માટે થઈને તેઓના સાથે વેલ્ડીંગનો તમામ માલ સામાન લઈને સાંજના ૪:૩૦ કલાકે પહોંચેલા અને આ કામના પ્રતિવાદી આ પાણી ગરમ કરવા માટેનુ બોઈલર રીપેર કરવા માટે થઈને આ અંધ–અપંગ શાળાના ઓટા ઉપર પડેલ બોઈલર ઉતારતા હતા તે વખતે વાદી ત્યાં ઉભેલા હતા અને આ કામના પ્રતિવાદી અને તેમના સાથે તેમની સંસ્થામાં કામ કરતા અન્ય શખ્સો જાદવભાઈ તથા બાલુભાઈ પણ ત્યાં હાજર હતા અને આ તમામ લોકો બોઈલર પકડીને ઉતારતા હતા અને તે વખતે આ કામના પ્રતિવાદી તથા જાદવભાઈ તથા બાલુભાઈની બેદરકારીના કારણે આ બોઈલર હાથમાંથી મુકાઈ જતા આ બોઈલર વાદી ઉપર પડેલો જેના કારણે તેઓ જમીન ઉપર પટકાયેલ અને જેના કારણે વાદીનુ નાક, મોઢાના અંદર, દાઢીનો ભાગ, બંને ગાલ અને કપાળમાં ગંભીરમાં ગંભીર ઈજાઓ થયેલી અને વાદીનો ડાબો પગ ગોઠણમાંથી ભાંગી ગયેલો તેમજ વાદીના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થયેલી અને આ કામના પ્રતિવાદી વાદીને ઉના સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાં ડોકટરશ્રી બ્લોચે પ્રાથમિક સારવાર આપેલી અને ત્યારબાદ ડોકટરશ્રીના જણાવવાથી વાદીને વધુ સારવારની જરૂર હોય તેથી તેઓને ઉનામાં ધરતી હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ અને ત્યાં તેઓની સારવાર કરવામાં આવેલી અને ત્યાંથી પણ વાદીને ડોકટરશ્રીએ જણાવેલુ કે તેઓને વધુ સારવારની જરૂર હોય તેથી વાદીને રાજકોટ મુકામે એચ.જે.દોશી

હોસ્પીટલમા તા.૨૧/૧૨/૨૦૧૧ ના રોજ દાખલ કરવામાં આવેલા અને ત્યાં વાદીને ઈન્ડોર પેશન્ટ તરીકે ૮ દિવસ સુધી રાખવામાં આવેલા અને ત્યાંની હોસ્પીટલમાં વાદી ઉપર ત્રણ ઓપરેશન કરવામાં આવેલા અને તે રીતે વાદીની શારીરિક અને આર્થિક પરિસ્થિતિ ખુબ જ ખરાબ થઈ ગયેલી છે અને તેના માટે આ કામના પ્રતિવાદી તથા તેમનુ ટ્રસ્ટ જવાબદાર છે. વાદી સાથે આ કામના પ્રતિવાદી ટ્રસ્ટની અંધ–અપંગ શાળામાં ઉપર જણાવેલો બનાવ તા.૨૦/૧૨/૨૦૧૧ ના રોજ બનેલો તે અંગેની જાહેરાત આ કામના પ્રતિવાદી દ્વારા ઉના પોલીસ સ્ટેશનમાં કરવી જોઈએ જે તેમની ફરજમાં આવે છે, તેમ છતાં આ કામના પ્રતિવાદી ટ્રસ્ટે આ બનાવ ઈરાદાપુર્વક છુપાવવા માટે થઈને કોશીષ કરેલી અને તેના કારણે આ બનાવની ઉના પોલીસ સ્ટેશનમાં કોઈ જાણ કે જાહેરાત કરવામાં આવેલી નહી અને આ બાબતે વાદીના ઘરના સભ્યો દ્વારા તા.૨૫/૦૨/૨૦૧૨ ના રોજ તપાસ કરતા માહિતી મળેલી કે, આ કામના પ્રતિવાદી ટ્રસ્ટ દ્વારા વાદી સાથે ઉપર જણાવેલો જે બનાવ બનેલો તેની કોઈ જાહેરાત કરવામાં આવેલી નહી જેથી વાદીએ તા.૨૭/૦૨/૨૦૧૨ ના રોજ ઉના પોલીસ સ્ટેશનમાં ઉપર જણાવેલા બનાવની જાહેરાત કરેલી અને તે અંગેની ઉના પોલીસ દ્વારા તેમના દફતરે જાણવા જોગ એન્ટ્રી નં.૧૪/૧૨ થી આ અકસ્માતની જાહેરાત લેવામા આવેલી છે અને તેમના માટેનુ ઉના પોલીસ દ્વારા બનાવવાળી જગ્યાનું પંચનામુ પણ કરવામાં આવેલુ છે. વાદીને ઉપર જણાવેલ વિગતે આ કામના પ્રતિવાદી ટ્રસ્ટ સંચાલિતશ્રી અંધ–અપંગ સહકાર કેન્દ્ર મુ.ઉના ખાતે ઉપર મુજબનો બનાવ બનવાના કારણે વાદીને નીચે મુજબની નુકશાની થયેલી છે જે ચુકવવા માટે આ કામના પ્રતિવાદી કાયદેસર રીતે બંધાયેલા છે અને તેની સંપુર્ણ જવાબદારી છે.

| **અનુ.નં.** | **વિગત** | **રકમ રૂા.** |
|---|---|---|
| (૧) | એચ.જે.દોશી હોસ્પીટલ, મુ.રાજકોટનું ઈન્ડોર બીલ–૭૪૬૧/૧૧, તા.૨૭/૧૨/૨૦૧૧ | ૨૫,૦૦૦/– |
| (૨) | દવા વિગેરેના ખર્ચની રકમ | ૨૮,૩૫૭/– |
| (૩) | એમ્બ્યુલન્સ, ડીઝલ વિગેરેના ખર્ચના | ૯,૫૦૦/– |
| (૪) | ભવિષ્યની સારવાર પાછળ ખર્ચના | ૧૫,૦૦૦/– |
| (૫) | વાદીને આશરે ૪ માસ સુધી સંપુર્ણપણે પથારીવશ રહેવુ પડેલ તેની માસિક રૂપિયા ૧૨,૦૦૦/– લેખે નુકશાનીના | ૪૮,૦૦૦/– |

| | | |
|---|---|---|
| (૬) | પેઈન એન્ડ સફરીંગના | ૩૦,૦૦૦/– |
| (૭) | વાદીને કાયમી ૫૦% ખોટ રહી ગયેલી છે તેની નુકશાનીના ૧૨૦૦૦×૧૨–૧,૪૪,૦૦૦/૧/૨ ૭૨,૦૦૦×૧૫ | 1૦,૮૦,૦૦૦/– |
| | **કુલ નુકશાનીની રકમ** | **૧૨,૩૫,૮૫૭/–** |

વાદી સાથે આ કામના પ્રતિવાદી સંસ્થા સંચાલિત સ્કુલમાં ઉપર જણાવેલો બનાવ બન્યા બાદ વાદી બરાબર બોલી શકતા નથી તેમજ બરાબર ચાલી શકતા નથી. વાદી તેઓના ખુદનુ જાતે કામ કરી શકતા નથી અને તેઓ બનાવ બન્યા બાદથી સંપુર્ણપણે પથારીવશ છે, તેઓની સારવાર ચાલુ છે તેમજ વાદી તેઓના કામકાજ માટે બીજા પર આશ્રિત છે. આ તમામ માટે પણ આ કામના પ્રતિવાદી જ જવાબદાર છે. જેથી ઉપરોકત તમામ હકીકતો જણાવી વાદીએ દાદ માંગેલ છે કે, વાદીને આ કામના પ્રતિવાદીના કારણે ઉપરના પેરા–૬ માં જણાવેલ વિગતે નુકશાની રૂા.૧૨,૩૫,૮૫૭/– પુરાની થયેલી છે, જે આ કામના પ્રતિવાદી પાસેથી અપાવવા અને આ રકમ ઉપર આ દાવો દાખલ કર્યા તારીખથી વસુલ આપ્યા સુધી તેના ઉપર ૧૫% લેખે વ્યાજ અપાવવા તેમજ વાદીને આ દાવાનો તમામ ખર્ચ આ કામના પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે દાવાની પ્રોસેસ પ્રતિવાદીને બજી જતા પ્રતિવાદી તેમના વિ.વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર થઈ વાદીના દાવાનો આંક–૬ થી દાવા જવાબ રજુ કરી દાવાની મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીની બેદરકારીના કારણે અકસ્માત થયો છે તેમાં પ્રતિવાદી કે ટ્રસ્ટના કોઈ કર્મચારી કે હોદેદારોને સંડોવી શકાય નહી. આ રીતે આ પ્રકારના વળતરના દાવા ચાલી શકે નહી. ટોટ કહી શકાય તેવુ પ્રતિવાદીનું કોઈ કૃત્ય હતુ જ નહી. વાદીને પોતાના કૃત્યથી જ ઈજા થઈ હોય તો તે માટે પ્રતિવાદી કે ટ્રસ્ટ જવાબદાર થતુ નથી. તેઓને અંગત કેપીસીટીમાં નામ જોગ ખોટી રીતે પ્રતિવાદી તરીકે જોડેલા છે. તેઓને અંગત કેપીસીટીમાં જોડી શકાય નહી. વાદીના દાવાને મીસ જોઈન્ડર અને નોન જોઈન્ડર ઓફ પાર્ટીના સિધ્ધાંતનો પ્રતિબંધ નડે છે. વાદીની દાવા અરજી લીગલી કોન્સ્ટીટયુટેડ પેલેઈન્ટ નથી. પોતાના અપકૃત્યનો કોઈ લાભ લઈ શકે નહી તે સિધ્ધાંત મુજબ વાદીનો દાવો ખર્ચ સહિત નામંજુર કરવા અરજ

છે. પ્રતિવાદીના ટ્રસ્ટ એ અંધ અપંગ બાળકોની સંસ્થા છે. ડોનેશન લઈને સંસ્થા ચલાવે છે અને આવા ખોટા લીટીગેશનોનો સામનો કરવો પડેલ હોય દાવો રદ કરતી વખતે પ્રતિવાદીને સ્પે.કોસ્ટ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) ઉપરોકત પક્ષ નિવેદનોના આધારે આંક–૭ થી નીચેના મુદાઓ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ઉપસ્થિત કરેલ છે.

**–: I S S U E S :–**

1) Whether the plaintiff proves that he is doing a work of black smith since 15 years at una ?

2) Whether the plaintiff proves that he has called upon by the defendant on 20-12-11 at his place for the repairing work of boiler ?

3) Whether the plaintiff proves that4 at the time of putting off the boiler it was fall down on him ?

4) Whether the plaintiff proves that in the incident of falling down the Boiler he received grevious pertaing on his body ?

5) Whether the plaintiff proves that incident took place due to the neglegency and carelessness of defendant ?

6) Whether the plaintiff proves that he is entitled to get compansation from the

defendant ?

7) Whether the plaintiff is entitled to got compansation ? If yes what amount ?

8) Whether the plaintiff is entitled to got interest? If yes at what rate ?

9) What order and decree ?

(૪) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબના છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં.

૫. નકારમાં.

૬. નકારમાં.

૭. નકારમાં.

૮. નકારમાં.

૯. આખરી હુકમ મુજબ.

(૫) આ કામે વાદી દ્વારા તેની દાવા અરજીનાં સમર્થનમાં નીચે મુજબનો મોખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

| <u>**મૌખિક પુરાવો :–**</u> | **આંક** |
|---|---|
| (૧) વાદી વિજયભાઈ બાલુભાઈ પરમારનું સરતપાસનું સોગંદનામુ | ૧૧ |
| (૨) વાદી તર્ફે સાહેદ હરેશભાઈ ચંદુભાઈ કવાનું સરતપાસનું સોગંદનામુ | ૬૯ |
| (૩) વાદી તર્ફે સાહેદ અનીતાબેન વિજયભાઈ પરમારનું સરતપાસનું સોગંદનામુ | ૭૦ |

| **<u>દસ્તાવેજી પુરાવો :–</u>** | | **આંક** |
|---|---|---|
| (૧) | વાદીનું નિવેદન | ૧૩ |
| (ર) | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૧૪ |
| (૩) | મેડીકલ સર્ટી | ૧૫ થી ૫૯ |
| (૪) | નોટીસ | ૬૦ |
| (૫) | એકનોલેજમેન્ટ | ૬૧ |

ઉપરોકત પુરાવાઓ બાદ વાદી તર્ફે આંક–૭૧ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી દ્વારા તેમના દાવા જવાબનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે.

| **<u>મૌખિક પુરાવો :–</u>** | | **આંક** |
|---|---|---|
| (૧) | પ્રતિવાદી કરશનભાઈ જીવાભાઈ વાળાનુ સરતપાસનું સોગંદનામુ | ૭૬ |
| (ર) | પ્રતિવાદી તર્ફે સાહેદ બાલુભાઈ ભગવાનભાઈ ચૌહાણનું સરતપાસનું સોગંદનામુ | ૭૯ |
| (૩) | પ્રતિવાદી તર્ફે સાહેદ પ્રતાપભાઈ રામભાઈ જાદવનું સરતપાસનું સોગંદનામુ | ૮૧ |

ઉપરોકત પુરાવાઓ બાદ પ્રતિવાદી તરફે આંક–૮ર થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખેલ છે.

(૭) ત્યારબાદ વાદી તર્ફે વિ.વ.શ્રી એમ.એ.નકવી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જયારે પ્રતિવાદી તર્ફે આંક–૮૬ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લેવામાં આવેલ છે.

**-: કા ર ણો :-**

**મુદા નં.૧ થી ૪ :–**

(૮) સદર મુદાઓ સંબંધે ચર્ચા કરીએ તો સદર કામે પ્રતિવાદીએ પોતાના દાવા જવાબ તથા ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વાદી સાથે બોઈલર રીપેર કરવા માટે મજુરી પેટે રૂા.૬૦૦/– નકકી કરેલા અને તા.૨૦/૧૨/૧૧ ના રોજ સાંજના ૪/૩૦ વાગે વાદી બોઈલર રીપેર કરવા આવેલા તેમજ બોઈલર પડવાથી વાદીને ઈજા થયેલી.

જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લઈ મુદા નં.૧ થી ૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં.૫ :–**

(૯) સદર મુદા સંબંધે ચર્ચા કરીએ તો વાદી સાથે પ્રતિવાદીએ રૂા.૬૦૦/– માં બોઈલર રીપેર કરવાનું નકકી કરેલ હતુ, જેથી પ્રતિવાદીએ જયારે વાદીને રીપેરીંગનું કામ આપી દીધેલ હોય ત્યારે બોઈલર નીચે ઉતારવાની જવાબદારી પ્રતિવાદીની હતી તેવો કોઈ પણ પુરાવો વાદી તર્ફે રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં વાદીએ પોતાની ઉલટતપાસમાં એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, બોઈલર સામાવાળાએ ઉતારવાનું હતુ તે શરત અંગે મેં મારી દાવા અરજી તથા સોગંદનામામાં જણાવેલ નથી. જેથી બોઈલર ઉતારવાની જવાબદારી પ્રતિવાદીની હતી તેવુ વાદી યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી.

વધુમાં બોઈલર વાદી ઉપર પડવાનો બનાવ પ્રતિવાદીની બેદરકારી અને નિષ્કાળજીને લીધે બનેલ હોવા બાબતે પણ વાદી તર્ફે માની શકાય તેવો કોઈ ઠોસ આધાર કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

જેથી ઉપરોકત ચર્ચાના અંતે બનાવ પ્રતિવાદીની બેદરકારી તથા નિષ્કાળજીને લીધે બનેલ હોવાનું વાદી યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી ત્યારે મુદા નં.૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદા નં.૬ થી ૯ :–**

(૧૦) સદર મુદાઓ સંબંધે ચર્ચા કરીએ તો મુદા નં.૫ માં ચર્ચા કરી તે પ્રમાણે બનાવ પ્રતિવાદીની બેદરકારી તથા નિષ્કાળજીને લીધે બનેલ હોવાનું વાદી યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી ત્યારે વાદી પ્રતિવાદી પાસેથી નુકશાની/વળતર મેળવવા

હકકદાર નથી કે વ્યાજ મેળવવા હકકદાર નથી તેવુ આ કોર્ટ માને છે.

વધુમાં વાદીએ પોતાની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મેં વાળાભાઈ સિવાય બીજા વ્યકિત સામે દાવો કરેલ નથી, ત્યારે દાવામાં ટ્રસ્ટને કયારેય જોડવામાં આવેલ નથી કે અન્ય ટ્રસ્ટીઓને પણ જોડેલા નથી તેવુ સ્પષ્ટપણે ફલિત થાય છે. જેથી વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીસનો પણ બાધ નડે છે.

વધુમાં વાદી તર્ફે પોતાની દલીલના સમર્થનમાં રજુ કરેલ ચુકાદાઓ ૧) સીવીલ અપીલ નં.૩૪૮,૩૪૯/૨૦૧૫, નીતા કલપ્પા કડોલકર વિરૂધ્ધ ડીવીઝનલ મેનેજર એમ.એસ.આર.ટી.સી. કોલ્હાપુર તથા ૨) એ.આઈ.આર.૨૦૦૧, સુપ્રિમ કોર્ટ પેઈજ નં.૩૨૧૮, લતા વાધવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહારની સ્થિતિ તથા સંજોગો હાલના દાવાની સ્થિતિ તથા સંજોગો કરતા જુદા હોય ઉપરોકત ચુકાદાઓ વાદીની દલીલોને સમર્થન આપતા નથી.

આમ, ઉપરોકત ચર્ચાના અંતે મુદા નં.૬, ૭, ૮ નો જવાબ નકારમાં આપી મુદા નં.૯ માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૩) સદર દાવાના કામે ભરવાની થતી કોર્ટ ફી રૂા.૨૭,૫૫૦/– વાદીને કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

(૫) ઉપરોકત કોર્ટ ફી ની રકમની રીકવરી માટે હુકમનામાની એક નકલ કલેકટરશ્રીને મોકલવી.

આ હુકમ આજ તારીખઃ **૧૦**, માહે. **ઓગસ્ટ,** સને. **૨૦૧૮** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઉના
તારીખ : ૧૦/૦૮/૨૦૧૮

**(ખુશબીરસીંગ ઈશ્વરસીંગ બગ્ગા)**
એડીશ્નલ સીની.સીવીલ જજ, ઉના.
કોડ નં. જી. જે. ૦૦૯૭૦